# આજ શુભ દિન આયો

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ ઉપક્રમે પ્રકાશિત
તેમનાં જન્મજયંતી મહોત્સવો તેમજ શતાબ્દીઉદ્ઘોષ નિમિત્તે પ્રસ્તુત
થયેલ તેમનાં નૂતન નૃત્યગીતોનું ઓડિયો આલ્બમ

## મંગલાચરણ

જેણે જાત ઘસી સદાય વિચરી, કીધું ભલું વિશ્વનું
જેણે મંદિર સંત શાસ્ત્ર રચીને, કલ્યાણ સૌનું કર્યું;
જેણે રાજ કર્યું દિલે સકલના, શોભે ગુણો સંતના,
ભાવે જન્મશતાબ્દીએ પ્રમુખજી, ગાઈ કરું વંદના.

કવિઃ સાધુ મધુરવદનદાસ

ગાયકોઃ સાધુ સારંગકીર્તનદાસ, ભાર્ગવ ભગત, સાધુ કેશવકીર્તનદાસ, સાધુ ગુરુદર્શનદાસ, સાધુ મધુરવદનદાસ

## **પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ – લંડન – મંગલાચરણ નૃત્ય**

ઉપાસ્ય-સહજાનંદ-હરયે પરબ્રહ્મણે નમ:

મૂલાક્ષરગુણાતીતા-નન્દાય સ્વામિને નમ:

ભગતજીમહારાજ-સાક્ષાદ્-વિજ્ઞાનમૂર્તયે નમ:

યજ્ઞપુરુષદાસાય સત્યસિદ્ધાન્તરક્ષિણે નમ:

વાત્સલ્યાર્દ્રાત્મને નિત્યમ્ આનન્દબ્રહ્મયોગિને નમ:

વિશ્વવન્દ્યવિનમ્રાય ગુરવે પ્રમુખાય નમ:

પ્રકટબ્રહ્મસ્વરૂપાય મહન્તસ્વામિમહારાજાય નમ:

લાખો વંદન એ ચરણોને, અવિરત ચાલ્યાં અમ કાજે,

લાખો વંદન એ નયનોને, હેતે વરસ્યાં અમ કાજે,

લાખો વંદન એ અક્ષરને, હજી પ્રગટ છે અમ કાજે;

લાખો વંદન  પ્રમુખજીને, સદાય જીવ્યા અમ કાજે.

કવિઃ સાધુ ભદ્રેશદાસ, સાધુ મધુરવદનદાસ

ગાયકઃ જયદીપ સ્વાદિયા અને ગાયકવૃંદ

# प्र.स्वा.म. जन्मजयंती मुंबई २०१९ स्वागतयात्रा

## आज शुभ दिन आयो

हे सर्वोपरी परब्रह्म पधारो, कर्ता हर्ता प्रगट पधारो,
ब्रह्मांडों के नाथ पधारो, सबके जीवनप्राण पधारो,
आजुसे बाजुसे निगाह रखियो, परब्रह्म हरि का स्वागत हो,
प्रमुखस्वामी का स्वागत हो, महंतस्वामी का स्वागत हो...

## हिन्दी स्वागत

आज शुभ दिन आयो धरा पर आनन्द चहु ओर छाया,
गुरुजी प्रमुखस्वामी के रूप में स्वरूप हरि का पाया ।

रे नाचो गाओ सब भक्तों तुम आज
पधारो हरिकृष्ण महाराज, पधारो प्रमुखस्वामी महाराज,
पधारो महंतस्वामी महाराज, पधारो भक्तों के शिरताज ।

कुमकुम चंदन फूल बिछाए, थिरकत सुर मधु संगीत गाये,
ब्रह्मांडों के प्राण पधारो हे राज,

रे नाचो गाओ सब भक्तों तुम आज,
पधारो हरिकृष्ण महाराज, पधारो प्रमुखस्वामी महाराज,
पधारो महंतस्वामी महाराज, पधारो भक्तों के शिरताज ।

## मराठी स्वागत

गणपति बापा मोरिया... मोरिया रे बापा मोरिया रे...

जयघोष आज प्रमुखस्वामींचा, लाखो मुखानी करुया चला ।

आलाय आज सण भाग्याचा, भक्तिच्या रंगात न्हाऊ चला ॥

आले गुरु देवेश्वरु, तल्लीन होवून गाऊ चला ।

जयघोष महंतस्वामींचा, लाखो मुखानी करुया चला ।

आलाय आज सण भाग्याचा, भक्तिच्या रंगात न्हाऊ चला ॥

आनंदल्या दाहि दिशा, सुखाचं तोरण आभाळा,

उधळा फुले दारी उभे, साक्षात गोविंद गोपाळा;

आले गुरु आले प्रभू, प्राणांची आरती ओवाळा,

आले गुरु आले प्रभू, प्राणांची आरती ओवाळा,

जयघोष महंतस्वामीचा, लाखो मुखानी करुया चला ।

आलाय आज सण भाग्याचा, भक्तिच्या रंगात न्हाऊ चला ॥

आले गुरु देवेश्वरु, तल्लीन होवून गाऊ चला ।

जयघोष आज महंतस्वामीचा, लाखो मुखानी करुया चला ।

आलाय आज सण भाग्याचा, भक्तिच्या रंगात न्हाऊ चला ॥

विठ्ठल विठ्ठल जयहरी विठ्ठल, पाण्डुरंग विठ्ठल जयहरि विठ्ठल

## राजस्थानी स्वागत

पधारो म्हारे देस रे...

हे हालो हालो गुरुजीरा दर्शन करवा,

हे हिरदै हुआ बडभागी म्हारा मनवा,

हे जीवलडो हिलोरा खाय म्हारा मनवा... म्हारे घर आवो आवोनी

असवारी वेगा लावोजी... म्हारे घर आवो आवोनी (२)

संतोरी संगत माने नित नित भावे रे (२),

भाग भला रे जठ संत आवे रे, भाग भला रे...

म्हारे घर आवो आवोनी (२)

## तमिल स्वागत

हरिकृष्णमहाराजय प्रमुखस्वामी महाराजय महंतस्वामी महाराजय वरवेट्रि किरोम...

ऊंगल वरगैक एंगल मनमारद मनमारद मनमारद नैनंद्रि...

## पंजाबी स्वागत

स्वामी आये ते आई दिवाली, सारी संगत होई मतवाली ॥

मैं आयावाँ वेखन नू... तुहानू मत्था टेकन नूँ...

स्वामी आये ते आई दिवाली, सारी संगत होई मतवाली ॥

जगमग जगमग दुनिया... जूँ फ़लक तो उतरे तारे...

जागे ने पाग साडे... जो दर्शन होवे तुहाडे...

## गुजराती

सद्‌गुणसागर प्रमुखस्वामी वंदन करीए शिरनामी,

साधुताना रंगे वालम जश वधार्यो दुनियामां।

तमे जश वधार्यो दुनियामां...

शरणागतने सुखिया कीधा भवभवनी भांगी खामी,

भक्तिभीना कीधा वालम जश वधार्यो दुनियामां ।

तमे जश वधार्यो दुनियामां...

छन्दः

सकल विश्वमां कण कण गुंजे प्रमुखस्वामीनुं नाम रे,

सद्‌गुणधारक संतशिरोमणि घटमां छे घनश्याम रे ।

आवो पधारो स्वागत करीए आश्रित जनो तमाम रे,

(एवा) महंतस्वामी रूपे विचरो अर्पो अक्षरधाम रे ॥

गायकः करसन सागठिया, शंकर महादेवन, दिव्यकुमार, साहिल सोलंकी

और गायकवृंद

श्रीस्वामिनारायणो विजयते

# धन्य हम हैं प्रमुखस्वामी

१. धन्य हम हैं प्रमुखस्वामी आपने अपना लिया ।
उलझनों के घोर तम में हृदयदीप जला दिया ॥

यही प्रतिज्ञा है हमारी व्यसन-बंधन तोडेंगे ।
दूसरों को व्यसनमुक्ति-सुपथ पर मोडेंगे ॥

२. धन्य हम हैं प्रमुखस्वामी आपने अपना लिया ।
उलझनों के घोर तम में हृदयदीप जला दिया ॥

यही प्रतिज्ञा है हमारी मान क्रोध हटायेंगे ।
दास होकर नम्रता से शांति-ध्वज फहरायेंगे ॥

३. धन्य हम हैं प्रमुखस्वामी आपने अपना लिया ।
उलझनों के घोर तम में हृदयदीप जला दिया ॥

यही प्रतिज्ञा है हमारी हार मानेंगे नहीं ।
गिर गये तो क्या हुआ उठकर चलेंगे फिर सही ॥

४. धन्य हम हैं प्रमुखस्वामी आपने अपना लिया ।
उलझनों के घोर तम में हृदयदीप जला दिया ॥

यही प्रतिज्ञा है हमारी रखेंगे संवादिता ।
मन हृदय से एक होकर रखेंगे हम एकता ॥

५. धन्य हम हैं प्रमुखस्वामी आपने अपना लिया ।
उलझनों के घोर तम में हृदयदीप जला दिया ॥

यही प्रतिज्ञा है हमारी हृदय में श्रद्धा भरी ।
तूटने देंगे न उसको पसारेंगे गुरुहरि ॥

कविः साधु अक्षरवत्सलदास
गायकः डॉ. राहुल जोषी और गायकवृंद

## પ્રમુખસ્વામી મહારાજ વર્ચ્યુઅલ જન્મજયંતી મહોત્સવ – ૨૦૨૧ થીમ

देखो उदय मध्याह्न देखो, चाहे देखो शाम ।

प्रकाश देना जन्मजात गुण, सूरज जिसका नाम ॥

देखो प्रमुखस्वामी या देखो बाल शान्तिलाल ।

जन्मजात सद्‌गुण है जिनमें परम साक्षी है काल ॥

वंदन करते आज... प्रमुखस्वामी महाराज...

कविः साधु मधुरवदनदास

गायकः जयदीप स्वादिया, अमेय दाते तथा गायकवृंद

## **પ્રમુખસ્વામીની જન્મશતાબ્દી નવખંડે ઉજવાયે (લંડન – સન ૨૦૨૨)**

જય હો જય હો જય હો પ્રમુખસ્વામી મહારાજ (૨)

પ્રમુખસ્વામીની જન્મશતાબ્દી નવખંડે ઉજવાયે,

સૌના જીવનપ્રાણ ગુરુજી, જીવ્યા જે અમ કાજ સદાયે. ધ્રુવ

જય હો જય હો જય હો પ્રમુખસ્વામી મહારાજ (૨)

હો જીવ્યા અમારે કાજ, જીવ્યા અમારે કાજ.

તન તરછોડી મનને મરડી અપાર વિચરણ કીધું,

પત્રો ફોન વડે અમ સૌનું દુ:ખ નિવારી દીધું;

અજોડ છે પુરુષાર્થ જેમનો, ગાતાં નહીં ગવાયે. પ્રમુખસ્વામીની. ૧

જેમનું પ્રેમાળ હસવું, જેમનું એ નીરખવું,

જેમનો પ્રેમાળ સ્પર્શ ને વચનથી એ વરસવું;

સ્વામીનું હસવું, એ નીરખવું, સ્વામીનો સ્પર્શ ને એ વરસવું.

અલૌકિક એ પ્રીતિ જેમની કદી નહીં વિસરાયે,

સ્વાર્થ તણો જ્યાં લેશ નહીં, સો સો માતા લજવાયે. પ્રમુખસ્વામીની. ૨

અતિ દુર્લભ અક્ષરપુરુષોત્તમ પામ્યા પ્રમુખસ્વરૂપે,

એ જ પ્રમુખજી પ્રગટ વિરાજે સ્વામી મહંતરૂપે;

ધન્ય ધન્ય સૌ એ પ્રાપ્તિથી ગુરુ પર વારી જાયે. પ્રમુખસ્વામીની. ૩

નમન કરું એ પરસેવાને, વહ્યો હતો અમ કાજે,
નમન કરું એ હેતલ કરુણા, વહી હતી અમ કાજે;
નમન કરું એ મહંતજીને, પ્રમુખરૂપ છે આજે,
નમન કરું એ પ્રમુખજીને, જે જીવ્યા અમ કાજે.

નમન કરું એ પત્રસરિતા, વહી હતી અમ કાજે,
નમન કરું એ હેતલ વચનો, કહ્યાં હતાં અમ કાજે;
નમન કરું એ મહંતજીને, પ્રમુખરૂપ છે આજે,
નમન કરું એ પ્રમુખજીને, જે જીવ્યા અમ કાજે.
નમન કરું એ પ્રમુખજીને, જન્મશતાબ્દી આજે...

કવિઃ સાધુ મધુરવદનદાસ
ગાયકઃ સુરેશ વાડકર અને ગાયકવૃંદ

## પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી કાર્યકર ગીત - અમેરિકા

પ્રમુખસ્વામીએ ઘણું કર્યું છે, હવે અમારો વારો છે,
મહંતસ્વામીનો બ્રહ્મનાદ આ, જીવનમંત્ર અમારો છે. ધ્રુવ.

રોજ સવારે ઊઠી સૌએ, પહેલાં કરવો એક વિચાર,
શતાબ્દીએ શું કરી શકું હું? બહુ થયો જગનો વે'વાર,
શતાબ્દીનો આ અવસર સેવા કરી અમર થાવાનો છે. મહંતસ્વામીનો. ૧

ન ભૂતો ન ભવિષ્યતિ આ, ઉત્સવ દિવ્ય ઉજવવો છે,
ગુરુનું ઋણ અદા કરવાનો, લ્હાવો લૂંટી લેવો છે,
શતાબ્દીનો આ અવસર સઘળું ઝોળીમાં ધરવાનો છે. મહંતસ્વામીનો. ૨

ચૂકીશું જો તક સેવાની, જીવનભર પસ્તાવો થશે,
એક રુચિ રાખી સંપથી, મંડીશું જયકાર થશે,
શતાબ્દીએ ગુરુહરિનો મહિમા બ્રહ્માંડે ગુંજાવો છે. મહંતસ્વામીનો. ૩

મહંતસ્વામીના સિંહ સંતાન - શતાબ્દી ઉત્સવ એક નિશાન
રાખીશું આજ્ઞા પર તાન - શતાબ્દી ઉત્સવ એક નિશાન
દેહભાવનું ભૂલશું ભાન – શતાબ્દી ઉત્સવ એક નિશાન
તન મન ધન સઘળું કુરબાન – શતાબ્દી ઉત્સવ એક નિશાન
વિશ્વે વહાવીએ ગુરુનું ગાન – શતાબ્દી ઉત્સવ એક નિશાન

કવિઃ પાર્થ ઘાસવાલા, ગાયકઃ પાર્થિવ ગોહિલ અને ગાયકવૃંદ

## પ્રમુખસ્વામીની શતાબ્દીએ મહંતજીનો નારો છે

મહંતસ્વામીનો નારો છે... હવે અમારો વારો છે...
પ્રમુખસ્વામીની શતાબ્દીએ આ મહંતજીનો નારો છે;
કરી છૂટ્યા છે બધું પ્રમુખજી, હવે અમારો વારો છે. ધ્રુવ

એક એક અમ કાજે ચંદન કાયા જેણે ઘસી છે,
અપાર ઉપકારોની ફોરમ સૌને હૃદય વસી છે;
    અનંત એનું ઋણ ચૂકવવું, એ સંકલ્પ અમારો છે. પ્રમુખસ્વામીની. ૧

ગુરુહરિના આદેશે સૌ તન મન ધન અર્પણ કરીએ,
મહંતજીની મરજીને મન, કર્મ, વચનથી વરીએ;
    ગુરુહરિને રીઝવવાનો આ અમૃત લ્હાવો ન્યારો છે. પ્રમુખસ્વામીની. ૨

મહંતજીની હાકલ છે - હવે અમારો વારો છે.
શતાબ્દીનો આ નારો છે - હવે અમારો વારો છે.
સેવા-અવસર સારો છે - હવે અમારો વારો છે.
મુક્તિનો આ આરો છે - હવે અમારો વારો છે.

વિચર્યા ઘર ઘર સાંજ સવાર - હવે અમારો વારો છે.
આપે તજી દેહ-દરકાર - હવે અમારો વારો છે.
સૌને રાજી કર્યા અપાર - હવે અમારો વારો છે.
ના આપે આજ્ઞા લોપી લગાર - હવે અમારો વારો છે.
ના આપે જોયાં સુખ ને દુઃખ - હવે અમારો વારો છે.
સૌના આ ઉદ્‌ગારો છે - હવે અમારો વારો છે.

કવિઃ સાધુ મધુરવદનદાસ, ગાયકઃ સાધુ ગુરુદર્શનદાસ અને ગાયકવૃંદ